જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૭/૨૦૧૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી ૮૯ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૮ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**સૃષ્ટી વિરૂધ્ધના કૃત્યની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૨/૧૬**

**વટવાઃ વટવા વિસ્તારમાં રહેતા ચાર વર્ષના બાળકની માતાએ એલ.જી.હોસ્પીટલ** ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૭/૧૬ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતા આરોપી કાલુ કમલાઉદ્દીન શેખે બાળકને આરોપીના ઘરે બોલાવી જબરદસ્તીથી સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કરતા ઈજાગ્રસ્ત બાળકને એલ જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી જી વસાવા ચલાવે છે.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૩/૧૬**

**સરખેજઃ કાજલ ઉર્ફે ફલક કનુભાઈ ઠાકોર** (રહે.ઈન્દીરાનગર જનપથ હોટલની પાછળ સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૬ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે કાજલ અને (કાજલના પ્રેમી) અમીરખાન સાથે બોલાચાલી ઝગડો થતા પાડોશી આરોપી કાસમભાઈ ગુલામભાઈ શેખ વચ્ચે પડતા અમીરખાન અને કાસમભાઈ સાથે ઝપાઝપી થતા અમીરખાન કાસમભાઈને છરી મારવા જતા નીચે પડી ગયા હતા દરમ્યાન આરોપી કાસમભાઈએ છરી છીનવી લઈ અમીરખાનને પેટના ભાગે ઘા મારતા અમીરખાનનુ મૃત્યુ નિપજયુ હતુ. કાસમભાઈએ અમીરખાનની લાશને રહેણાંક નજીકમાં જ ફેકી દીધી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી એન સોલંકી છે.

ઉપરોક્ત ગુનાના કામે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>દુષ્પ્રેરણની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૭૪/૧૬</u>

**સોલા હાઇકોર્ટ : પારસબહેન પંકજભાઈ પટેલ** (રહે.પંચામૃત સોસાયટી સાયન્સ સીટી રોડ સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે **પાસરબહેનના પતિ પંકજકુમાર સોમાભાઈ તેમજ અન્ય ચાર વ્યક્તિઓના માનસીક ત્રાસના કારણે તા.૧૨/૩/૧૫ નારોજ પોતાના પુત્ર રાજ (ઉ.વ.૧૯) એ સીમ્સ હોસ્પીટલ નજીક રેલવે ટ્રેક ઉપર ટ્રેનની અડફેટે આવી આત્મહત્યા કરી હતી. તેમજ પારસબહેનને ઘરમાંથી કાઢી મુકી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર મેઘાણી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)